| રજુ તારીખ : | ૧૦ | ૧૦ | ૨૦૧૬ |
|---|---|---|---|
| દાખલ તારીખ : | ૧૦ | ૧૦ | ૨૦૧૬ |
| ફેસલ તારીખ : | ૩૦ | ૦૧ | ૨૦૨૩ |
| અવધિ | દિવસ | માસ | વર્ષ |
| | ૨૦ | ૦૩ | ૦૬ |

# મે. જુનાગઢના વર્કમેન કોમ્પેન્સેશન કમિશ્નરશ્રી, સમક્ષ.

**વર્કમેન કોમ્પે. ફેટલ કેસ નં.૭/૨૦૧૬**

**આંક–૭૭**

**અરજદારો :** ગુજરનાર જીવાભાઈ લીલાભાઈ ઓડેદરાનાં
કાયદેસરના વારસ, આશ્રીત અને પ્રતિનિધિ દરજજે.

૧) રાંભીબેન જીવાભાઈ ઓડેદરા,
ઉ.વ.આ. ૩૧, ધર્મે–હીન્દુ, ધંધો–ઘરકામ,

૨) સગીર સેજલબેન જીવાભાઈ ઓડેદરા,
ઉ.વ.આ.૧૬, ધર્મે–હીન્દુ, ધંધો–અભ્યાસ,

૩) સગીર લીરીબેન જીવાભાઈ ઓડેદરા,
ઉ.વ.આ. ૧૨, ધર્મે–હીન્દુ, ધંધો–અભ્યાસ,

૪) સગીર આવળા જીવાભાઈ ઓડેદરા,
ઉ.વ.આ. ૦૯, ધર્મે–હીન્દુ, ધંધો–અભ્યાસ,

અરજદાર નં.૨ થી ૪ સગીર હોય, જેમના વાલી તથા માતા દરજજે
અરજદાર નં.૧ રાંભીબેન જીવાભાઈ ઓડેદરા છે.
રહે. માધવપુર, તા.જી. પોરબંદર.

**– : વિરુધ્ધ : –**

**સામાવાળાઓ :–** ફીયાટ એવેન્ટ્રા કાર જેના એન્જીન નં.૫૬૦૩૯૯ તથા
ચેસીસ નં.૭૦૬૨૨૨૮

(૧) માલીક : દુલાભાઈ ભીમાભાઈ ઓડેદરા,
રહે. કુછડી, તા.જી. પોરબંદર,

(૨) વીમા કંપની : રીલાયન્સ જનરલ ઈન્સુ. કુ. લી.
ડો. રાધેક્રિષ્ના રોડ, બિઝનેશ એમ્પાયર,
ત્રીજો માળ, કાઠીયાવાડ જીમખાના પાસે,
રાજકોટ.

**બાબત:** કામદાર વળતર ધારા અધિનિયમ હેઠળ વળતર અરજી.

| | | |
|---|---|---|
| અરજદારો તરફે | : | વિ.વકીલશ્રી આર.વી.પારેખ |
| સામાવાળા નં.૧ તરફે | : | વિ.વકીલ શ્રી એન. એલ. રામાવત |
| સામાવાળા નં.ર તરફે | : | વિ.વકીલશ્રી પી. એમ. હીરપરા. |

## –:: ચુ કા દો ::–

(૧) અરજદારોએ હાલની અરજી કામદાર વળતર અધિનિયમ હેઠળ વળતર મેળવવા કરેલ છે. જેની ટૂંકમાં હકીકત એવી છે કે, આ કામના ગુજરનાર જીવાભાઈ લીલાભાઈ ઓડેદરા અરજદાર નં.૧ ના પતિ થતા હતા અરજદાર નં.ર થી ૩ ના પિતા થતા હતા. અરજદારો ગુજરનારની આવક પર આધારીત હતા. ગુજરનાર અરજદારો સાથે સંયુકત કુટુંબમાં રહેતા અને ઘર ખર્ચમાં મદદ કરતા હતા. આ કામના અરજદારો વળતર ધારા ૧૯ર૩ ના સેકશન ર(૧)(ડી) મુજબ ગુજરનારના કાયદેસરના વારસો અને આશ્રિતો દરજજે છે. વધુમાં અકસ્માત વખતે ગુજરનારની ઉંમર ૩૬ વર્ષની હતી અને ગુજરનાર યુવાન, સશકત અને શરીરે તંદુરસ્ત અને નિરોગી હતા. વધુમાં આ કામના અરજદાર નં.૧ ના પતિ શ્રી જીવાભાઈ લીલાભાઈ ઓડેદરા આ કામના સામાવાળા નં.૧ ને ત્યાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હતા અને સામાવાળા નં.૧ ની ફીયાટ એવેન્ટ્રા કાર જેના એન્જીન નં.પ૬૦૩૯૯ તથા ચેસીઝ નં.૭૦૬રરર૮ માં ડ્રાઈવર તરીકે નોકરી કરી માસીક રૂા.૯,૦૦૦/– ના પગારથી તથા અલગથી ભથ્થા ઉપર નોકરી પર રહેલ હતા. આમ અરજદાર નં.૧ ના પતિ શ્રી જીવાભાઈ લીલાભાઈ ઓડેદરા તથા સામાવાળા નં.૧ વચ્ચે નોકર તથા માલીક તરીકેના સબંધો હતા તથા આ કામના સામાવાળા નં.ર વિમા કંપની, સામાવાળા નં.૧ ફીયાટ એવેન્ટ્રા કાર જેના એન્જીન નં.પ૬૦૩૯૯ તથા ચેસીઝ નં.૭૦૬રરર૮ ની વિમા કંપની છે. વધુમાં આ કામના અરજદાર નં.૧ ના પતિ શ્રી જીવાભાઈ લીલાભાઈ ઓડેદરા તા.૦૯/૦૩/ર૦૧૬ નારોજ આ કામના સામાવાળા નં.૧ ના કામથી સામાવાળા નં.૧ ની માલીકની નોકરીની ફરજ અને સુચના દરમ્યાન સામાવાળા નં.૧ ફીયાટ એવેન્ટ્રા કાર જેના એન્જીન નં.પ૬૦૩૯૯ તથા ચેસીઝ નં.૭૦૬રરર૮ ડ્રાઈવર તરીકે ચલાવીને જતા હતા ત્યારે, રાત્રીના ૯:૦૦ વાગ્યાની આસપાસ, મીત્રાળા અને ભડ ગામના રોડ ઉપર પહોંચેલ ત્યારે સદર ફીયાટ એવેન્ટ્રા કારનુ અકસ્માત થયેલ અને અકસ્માતમાં અરજદાર નં.૧ ના પતિશ્રી જીવાભાઈ લીલાભાઈ ઓડેદરા સામાવાળા નં.૧ ની કામગીરી

દરમ્યાન સામાવાળા નં.૧ ની નોકરી અને ફરજ દરમ્યાનના સમયમાં ગુજરી ગયેલ છે. આથી કામના સામાવાળાઓ સંયુકત અને વિભકત રીતે ગુજરનારના વારસોને વળતર ચુકવવા જવાબદાર થયેલ છે. વધુમાં આ કામના અકસ્માત સબબ, નવી બંદર મરીન પોલીસ સ્ટેશનમાં અમોત નંબરથી પોલીસ પેપર્સ થયેલ છે. તેમજ આ કામના અરજદાર નં.૧ ના પતિશ્રી જીવાભાઈ લીલાભાઈ ઓડેદરાનુ મૃત્યુ થતા તેમનુ પોરબંદર સીવીલ હોસ્પિટલમાં પોષ્ટમોર્ટમ કરવામાં આવેલ છે. વધુમાં આ કામના સામાવાળાઓને ગુજરનારને થયેલ અકસ્માતની જાણ છે. તેઓ વળતર ચુકવવા વ્યકિતગત અને સંયુકત રીતે જવાબદાર બનેલ છે. સામાવાળા નં.૧ ને આ અકસ્માતની જાણ હોય અને સામાવાળાઓએ અરજદારોને કોઈ વળતરની રકમ ચુકવેલ નથી કે જમા કરાવેલ નથી. ધી એમ્પ્લોઈઝ કોમ્પેનસેશન એકટ–૧૯૨૩ ના સેકશન–૧૦ મુજબની સ્ટેચ્યુટરી નોટીસ આપેલ નથી. વધુમાં આ કામના અરજદાર નં.૧ ના પતિ શ્રી જીવાભાઈ લીલાભાઈ ઓડેદરા તા.૦૯/૦૩/૨૦૧૬ નારોજ આ કામના સામાવાળા નં.૧ ના કામથી સામાવાળા નં.૧ ની માલીકની નોકરીની ફરજ અને સુચના દરમ્યાન સામાવાળા નં.૧ ફીયાટ એવેન્ટ્રા કાર જેના એન્જીન નં.૫૬૦૩૯૯ તથા ચેસીઝ નં.૭૦૬૨૨૨૮ ડ્રાઈવર તરીકે ચલાવીને જતા હતા ત્યારે, રાત્રીના ૯:૦૦ વાગ્યાની આસપાસ, મીત્રાળા અને ભડ ગામના રોડ ઉપર પહોંચેલ ત્યારે સદર ફીયાટ એવેન્ટ્રા કારનુ અકસ્માત થયેલ અને અકસ્માતમાં અરજદાર નં.૧ ના પતિશ્રી જીવાભાઈ લીલાભાઈ ઓડેદરા સામાવાળા નં.૧ ની કામગીરી દરમ્યાન સામાવાળા નં.૧ ની નોકરી અને ફરજ દરમ્યાનના સમયમાં ગુજરી ગયેલ છે. જેથી સામાવાળાને ત્યાં કામગીરી દરમ્યાન આ કામના અરજદાર નં.૧ ના પતિનુ મૃત્યુ થયેલ હોવાથી અરજદારોને આવકની ૧૦૦% નુકશાની સહન કરવી પડેલ છે. જેથી આ કામના સામાવાળાઓ સંયુકત અને વિભકત રીતે ગુજરનારના વારસોને વળતર ચુકવવા જવાબદાર થયેલ છે. વધુમાં સદરહુ અકસ્માત ગુજરનાર જીવાભાઈ લીલાભાઈ ઓડેદરા સામાવાળા નં.૧ ની ફીયાટ એવેન્ટ્રા કાર (જેના એન્જીન નં.૫૬૦૩૯૯ તથા ચેસીસ નં.૭૦૬૨૨૨૮) માં ડ્રાઈવર તરીકે નોકરી પર રોકાયેલા હતા તે દરમ્યાન એટલે કે,''ડયુરીંગ ધ કોર્ષ ઓફ એમ્પલોયમેન્ટ'' થયેલ હોય

સામાવાળાઓ સંયુકત અને વિભકત રીતે વળતર ચુકવવા જવાબદાર થાય છે. અકસ્માત સમયે ગુજરનાર શ્રી જીવાભાઈ લીલાભાઈ ઓડેદરાની ઉંમર ૩૬ વર્ષની હતી અકસ્માત સમયે ગુજ. શ્રી જીવાભાઈ લીલાભાઈ ઓડેદરા યુવાન અને સશકત અને નિરોગી હતા અને સામાવાળા નં.૧ ને ત્યાં ડ્રાઈવર તરીકે નોકરી કરીને માસીક રૂા.૯,૦૦૦/- પગાર મેળવતા હતા. જેથી વર્કમેન કોમ્પેન્સેશન એકટના સુધારેલ કાયદા મુજબ ૫૦% ગણતા ગુજરનાર શ્રી જીવાભાઈ લીલાભાઈ ઓડેદરાની માસીક આવક રૂા.૯૦૦૦/- અને તેનુ ફેકટર ૩૬ વર્ષની ઉંમર ગણતા રૂા.૧૯૪.૬૪ × ૪,૫૦૦/- રૂા.૮,૭૫,૮૮૦/- થાય છે તેમજ તેની અંતિમ વિધિના તથા માનસીક ત્રાસ તથા આઘાતના રૂા.૨૦,૦૦૦/- મળી કુલ રૂા.૮,૯૫,૮૮૦/- (અંકે રૂપીયા આઠ લાખ પંચાણુ હજાર આઠ સો એસી પુરા) અરજદારો સામાવાળાઓ પાસેથી સંયુકત રીતે વ્યાજ સહીત મેળવવા હકકદાર થાય છે. આ અકસ્માત કોર્ટની હકુમતમાં બનેલ હોય તથા સામાવાળા નામદાર કોર્ટની હકુમતમાં રહેતા હોય જેથી નામદાર કોર્ટને કેસ ચલાવવા હકુમત છે. વધુમાં આ અરજીમાં જરૂર પડયે સુધારા વધારા કરવાનો તેમજ જરૂર પડયે સામાવાળાઓના નામ સરનામામાં ફેરફાર કરવાનો તેમજ જરૂર પડયે નવા પક્ષકારોને જોડવાનો મળ્યે તેમને પક્ષકાર તરીકે જોડવાનો અરજદાર પોતાનો હકક કાયમ રાખે છે. સબબ અરજી લાવી દાદ માંગેલ છે કે, અરજદાર જીવાભાઈ લીલાભાઈ ઓડેદરા સામાવાળા નં.૧ ની ફીયાટ એવેન્ટ્રા કાર (જેના એન્જીન નં.૫૬૦૩૯૯ તથા ચેસીઝ નં.૭૦૬૨૨૨૮) માં ડ્રાઈવર તરીકે નોકરી પર રોકાયેલ હતા ત્યારે તેમની સુચના અનુસાર નોકરીની ફરજ દરમ્યાન મૃત્યુ થયેલ હોય, તેના વળતરની રકમ રૂા.૮,૯૫,૮૮૦/- (અંકે રૂપિયા આઠ લાખ પંચાણુ હજાર આઠસો એસી પુરા) અકસ્માતની તારીખથી રકમ વસુલ થતા સુધી ૧૨% ચડત વ્યાજ સાથે આ કામના સામાવાળાઓ પાસેથી સંયુકત અને વિભકત રીતે વ્યાજ સહીત વસુલ અપાવવા હુકમ કરવા તથા આ અરજીનુ તમામ ખર્ચ સામાવાળા પાસેથી વસુલ અપાવવા અરજ કરેલ છે.

(૨) આ કામે સામાવાળા નં.૧ ને નોટીસ ધોરણસર બજી જતા, વકીલ મારફતે હાજર થઈ આંક-૧૪ થી લેખીત જવાબ રજુ કરી જણાવેલ છે કે, અરજદારોની અરજીની સ્પષ્ટ

કબુલાત સિવાયની તમામ હકીકતનો સ્પષ્ટ ઈન્કાર કરવામાં આવેલ છે. અરજદારોની વળતર મેળવવાની અરજીના પેરા–૧ માં જણાવ્યા મુજબની વિગત અંગે કોઈ જાત માહીતી ન હોય તેથી તેમાં જણાવેલ હકીકતનો સ્પષ્ટ ઈન્કાર કરવામાં આવે છે અને તેમાં જણાવ્યા મુજબની વિગત સાબીત કરવાની જવાબદારી અરજદારોની છે. અરજદારોની વળતર મેળવવાની અરજીનાં પેરા નં. ૨ માં જણાવ્યા મુજબની વિગતે ગુજરનારની ઉમર અંગે કોઈ જાતમાહિતી ન હોય, તેથી તે અંગેનો સ્પષ્ટ ઈન્કાર કરવામાં આવે છે અને તેમાં જણાવેલ તમામ હકિકતો સાબીત કરવાની જવાબદારી અરજદારોની છે. અરજદારોની વળતર મેળવવાની અરજીના પેરા નં.૩ તથા ૪ માં જણાવ્યા મુજબની વિગતે જણાવવાનું કે, ખરી હકિકતે ગુજરનાર જીવાભાઈ લીલાભાઈ તેઓના ડ્રાઈવર હતા અને તેનો માસીક પગાર રૂા.૮,૦૦૦/– હતો અને વળતર મેળવવાની અરજીના પેરા નં.૩ તથા ૪ માં જણાવ્યા મુજબની સ્પષ્ટ કબુલાત સિવાયની તમામ હકિકતનો સ્પષ્ટ ઈન્કાર કરવામાં આવે છે અને તેમા જણાવેલ તમામ હકિકતો સાબીત કરવાની જવાબદારી અરજદારોની છે. અરજદારોની વળતર મેળવવાની અરજીનાં પેરા નં. ૫ માં જણાવ્યા મુજબની વિગત સાબીત કરવાની જવાબદારી અરજદારોની છે. અરજદારોની વળતર મેળવવાની અરજીનાં પેરા નં. ૬ માં જણાવ્યા મુજબની વિગત સાબીત કરવાની જવાબદારી અરજદારોની છે. અરજદારોની વળતર મેળવવાની અરજીનાં પેરા નં. ૭ માં જણાવ્યા મુજબની વિગત સાબીત કરવાની જવાબદારી અરજદારની છે. અરજદારોની વળતર મેળવવાની અરજીનાં પેરા નં. ૮ માં જણાવ્યા મુજબની વિગત અંગે જણાવવાનું કે, તેમાં જણાવેલ તમામ હકિકતનો સ્પષ્ટ ઈન્કાર કરવામાં આવેલ છે અને તેમાં જણાવેલ તમામ હકિકતો સાબીત કરવાની જવાબદારી અરજદારોની છે. અરજદારોની વળતર મેળવવાતી અરજીનાં પેરા નં.૯ માં જણાવ્યા મુજબની વિગત આંશીક રીતે ખરી છે. અરજદારોની વળતર મેળવવાની અરજીનાં પેરા નં.૧૦ માં જણાવ્યા મુજબની વિગત અંગે જણાવવાનું કે, તેમાં જણાવેલ તમામ હકિકતો સાબીત કરવાની જવાબદારી અરજદારોની છે. અરજદારોની વળતર મેળવવાની અરજીના પેરા–૧૧ ના

પેટા પેરા નં.૧,૨,૩ માં જણાવેલ વિગત મુજબ અરજદારો સામાવાળા પાસે કોઈ રકમ મેળવવા હકકદાર થતા નથી તથા કોઈ દાદ મેળવવા હકકદાર નથી. વિકલ્પે જો અરજદારનો કલેઈમ મંજુર કરવામાં આવે તો સામાવાળા નં.૧ ની કારનો વીમો સામાવાળા નં.૨ મારફત લીધેલ હોય અને સદરહુ અકસ્માતની સામાવાળા નં.૨ ને જાણ કરેલ હોય, જો નામદાર કોર્ટ તરફથી અરજદારની અરજી મંજુર થાય તો તે રકમ વ્યાજસહીત ચુકવવાની જવાબદારી સામાવાળા નં.૨ ની થાય છે. એ રીતે તેઓ સામેની હાલની અરજી રદ કરવા રજુઆત કરેલ છે.

(૩) વધુમાં આ કામે સામાવાળા નં.૨ ને નોટીસ ધોરણસર બજી જતા, વકીલ મારફતે હાજર થઈ આંક-૧૦ થી લેખીત જવાબ રજુ કરી જણાવેલ છે કે, ઉપરોકત વાહન એન્જીન નં.૫૬૦૩૯૯ અને ચેસીસ નં.૭૦૬૨૨૨૮ ના વીમા કંપનીને સામાવાળા નં.૨ તરીકે જોડેલ છે. તેઓ તરફથી નીચે મુજબની વિગતે કલેઈમ પીટીશનનો જવાબ રજુ કરેલ છે. વધુમાં રજુઆત કરવામાં આવે છે કે, આ દાવામાં તમામ નોટીસ,પ્રક્રિયા વગેરેની સેવાના કોઈપણ હેતુ માટે જવાબ આપનાર પ્રતિવાદીનુ સરનામુ રિલાયન્સ જનરલ ઈન્સ્યોરન્સ કંપની લિમીટેડ, ચોથો માળ, ચિંતામણી એવન્યુ, વેસ્ટર્ન એકસપ્રેસ હાઈવેની બહાર, વિરવાની ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટની નજીક, ગોરેગાવ (પૂર્વ) મુંબઈ ૪૦૦૦૬૫ તરીકે નોંધવામાં આવે છે. અરજદારનો દાવો કાયદેસર, યોગ્ય અને સાચો નથી અને તેથી તે રદ થવા પાત્ર છે. વધુમાં દાવાની અરજીમાં કરાયેલા નિવેદનો અને આક્ષેપો કે જે જવાબમાં ખાસ સ્વીકારવામાં આવ્યા નથી તેનો ઈન્કાર કરવામાં આવે છે. આ લેખીત નિવેદનમાં ઉઠાવવામાં આવેલી કોઈપણ તકરારોને પૂર્વગ્રહ વિના અને કોઈપણ પ્રકારની જવાબદારી કબુલ કર્યા વિના રજુઆત કરેલ કે ઉપરોકત વાહનના ડ્રાઈવરે અકસ્માત સમયે માન્ય અને અસરકારક ડ્રાઈવીંગ લાયસન્સ ધરાવતા ન હતા તેથી તેઓ વળતરની કોઈપણ રકમ ચુકવવા માટે જવાબદાર નથી. આ સબંધમાં તેઓ નામદાર સુપ્રિમ કોર્ટ, નામદાર ગુજરાત, નામદાર મદ્રાસ અને નામદાર મધ્યપ્રદેશ હાઈકોર્ટના ચુકાદાઓ પર આધાર રાખે છે. જે 1996 A.C.J. 253 [S.C], 1993(1) G.L.R. 865(GuJ), A.I.R. 1982 M.A.D.151, 1984 (1) ACC

101 and A.I.R.(S.C.) 3824 તેમના કથિત વીમાધારક, સામાવાળા નં.૧ એ પોલીસીના વિવિધ નિયમો અને શરતોનો ભંગ કર્યો છે અને તેથી તેઓ વળતરની કોઈપણ રકમ ચુકવવા માટે જવાબદાર નથી. અકસ્માત સમયે વાહન જેના એન્જીન નં.૫૬૦૩૯૯ અને સી.એચ.નં.૭૦૬૨૨૨૮ સામાવાળા વીમા કંપની સાથે વીમો લેવામાં આવેલ હતો તેવુ સ્વીકારવામાં આવતુ નથી. વધુમાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, અરજદારોએ મૃતકના તમામ કાયદેસરના વારસદારો અને કાનુની પ્રતિનિધીઓ અથવા આશ્રીતોને જોડેલ નથી અને અરજદારો માત્ર મૃતકના વારસદારો અથવા માત્ર પ્રતિનિધિઓ અથવા આશ્રીતો નથી. આથી અરજદારોનો કલેઈમ જરૂરી પક્ષકારો જોડેલ ન હોય રદ થવાને પાત્ર છે. અરજદારોને આ કાર્યવાહીમાં મૃતકના તમામ કાનુની વારસદારો અને પ્રતિનિધિઓ સાથે જોડવા માટે જણાવવામાં આવે. વધુમાં અરજદારોને શું તેઓને મોટર વાહન અધિનિયમની જોગવાઈઓ હેઠળ વળતરની કોઈ રકમ મળી છે કે નહી તે કમિશ્નરશ્રી રૂબરૂ જાહેર કરે જો તેમ હોય, તો હાલનો કલેઈમ રદ કરવા પાત્ર છે. વધુમાં ઉપરોકત કોઈપણ તકરારો સાથે પૂર્વગ્રહ રાખ્યા વિના સામાવાળાએ રજુઆત કરેલ છે કે દાવાની અરજીના ફકરા ૧ થી ૯ પર કરવામાં આવેલા નિવેદનો સાચા હોવાનો ઈન્કાર કરવામાં આવે છે. વધુમાં ગુજરનારની ઉમર, આવક અને ગુજરનાર સાથે અરજદારોનો સબંધ, સમય, સ્થળ, તારીખ, અકસ્માતમાં વાહન એન્જીન નં.૫૬૦૩૯૯ તથા ચેસીસ નં.૭૦૬૨૨૨૮ ની સંડોવણી, ડ્રાઈવર, માલીક અને વીમા દાતાના નામ અને સરનામું, દાવાની અરજીમાં જણાવેલ તમામ નિવેદનો તેમની અંગત જાણકારીમાં નથી તેથી તેનો ઈન્કાર કરવામાં આવે છે. આથી અરજદારોને આ તમામ નિવેદનોને યોગ્ય પુરાવાઓથી સાબીત કરવા જોઈએ. વધુમાં રોડ/રૂટ પરમીટ, ડ્રાઈવીંગ લાયસન્સ, ફીટનેસ સર્ટીફીકેટ, રજીસ્ટ્રેશનના દસ્તાવેજો વગેરે દસ્તાવેજોને રજુ કરી પુરવાર કરવા જોઈએ. જો પુરવાર કરવામાં નિષ્ફળ જાય તો એમ.વી.એકટની ક.૧૪૯(૨) મુજબ પોલીસીની શરતોનો ભંગ ગણાય. વધુમાં અન્ય કોઈપણ બાબતે પુર્વગ્રહ રાખ્યા વિના નીચેના કારણોસર વળતર વ્યાજ અને ખર્ચ વગેરેની ચુકવણી માટે સામાવાળા જવાબદાર નથી. (સી) ગુજરનાર ડ્રાઈવર પાસે વાહનનુ માન્ય ડ્રાઈવીંગ

લાયસન્સ ન હતુ તેથી એમ.વી. એકટની કલમ ૧૪૯(૨) હેઠળ હાલના સામાવાળા જવાબદાર નથી. (ડી) અરજદારે મહત્વની હકીકતો છુપાવેલ છે. (ઈ) અરજી લીમીટેશનના કાયદા દ્વારા પ્રતિબંધિત છે. (એફ) વ.કો. એકટમાં આપવામાં આવેલ 'કર્મચારી' અથવા 'કામદાર'ની વ્યાખ્યામાં ગુજરનાર આવતા નથી અને ગુજરનાર અને સામાવાળા નં.૧ વચ્ચે કર્મચારી અને માલીકના કોઈ સબંધ નથી (જી) અરજદાર દ્વારા અરજી સામાવાળા સાથે મીલાપીપણામાં દાખલ કરવામાં આવેલ છે. તેથી તે ટકવાપાત્ર નથી. વધુમાં એવી રજુઆત કરવામાં આવેલ છે કે, ગુજરનાર પાસે કાર્યવાહીનુ કોઈ કારણ ન હતુ કે તે તેની ફરજ દરમ્યાન અને તેની ફરજ બજાવવાના કારણે અવસાન થયેલ નથી. વધુમાં એવી રજુઆત કરેલ છે કે, ગુજરનાર ઉપરોકત વાહનનો માલીક હતો અને અરજી અરજદાર દ્વારા સામાવાળા સાથે મીલાપીપણામાં દાખલ કરવામાં આવી છે તેથી તે ટકવાપાત્ર નથી. ગુજરનાર ૯૦૦૦/– ના માસીક પગાર અથવા અન્ય કોઈપણ રકમ સાથે કલીનર તરીકે સામાવાળા નં.૧ સાથે નોકરી કરતો હોવાનુ તથા તા.૩/૯/૧૬ ના રોજ સામાવાળા સાથે તેમની ફરજ દરમ્યાન મરણ ગયેલ હોવાની અથવા અરજદારો ગુજરનારના આશ્રિતો હોવાનો ઈન્કાર કરેલ છે. અરજી વ.કો.એકટ મુજબ પ્રિસ્ક્રાઈબ્ડ ફોર્મમાં દાખલ કરેલ નથી જેથી અરજી ખર્ચ સાથે રદ થવા પાત્ર છે. અરજદારો પાસે સામાવાળા સામે હાલની કાર્યવાહીનુ કોઈ કારણ ઉત્પન થયેલ નથી જેથી હાલની અરજી રદ થવાને પાત્ર છે. વધુમાં અરજીના પારા–૧૨ના સંદર્ભમાં રજુઆત કરેલ છે કે, અરજદારો દાવો કરવા અથવા રૂા.૮,૯૫,૮૦૦/– અથવા અન્ય કોઈ વળતર મેળવવા અથવા અન્ય કોઈપણ દાદ મેળવવા હકકદાર નથી તેમજ અરજદારે સામા.નં.૧ ની મીલીભગતથી હાલની અરજી દાખલ કરેલ છે. વધુમાં અરજીના પેરા ૧૦ અને ૧૧ ના સંદર્ભમાં તેઓ કાંઈ કહેવા માંગતા નથી. વધુમાં આ જવાબમાં ઉઠાવવામાં આવેલી કોઈપણ તકરારોને પૂર્વગ્રહ વિના અને કોઈપણ પ્રકારની જવાબદારી સ્વીકાર્યા વિના રજુઆત કરવામાં આવેલ છે કે વળતરની રકમની ચુકવણી કરવાની એમ્પ્લોયરની પ્રાથમિક જવાબદારી છે તેમજ સામાવાળા વિમા કંપની વ્યાજ અને પેનલ્ટીની રકમ ચુકવવા માટે જરા પણ જવાબદાર નથી અને તેથી વિમા

કંપનીની સામે પેનલ્ટી અને વ્યાજનો હુકમ કરી શકાય નહી. વધુમાં એમ્પ્લોયર વળતરની રકમ જમા કરાવવા માટે બંધાયેલા છે. જો એમ્પ્લોયર તે મુજબ વળતરની રકમ જમા કરાવવામાં ડીફોલ્ટ કરે છે તો તે એકલા દોષિત છે અને તેથી તે એકલા પેનલ્ટી અને વ્યાજની રકમ ચુકવવા માટે જવાબદાર છે. તેમની દલીલના સમર્થનમાં તેઓએ વેદ પ્રકાશ ગર્ગ વી. પ્રેમ ડ્રાઈવ ૧૯૯૮ ACJ 1(S.c) સર્વોચ્ચ અદાલતે આપેલા નિર્ણય પર આધાર રાખેલ છે.

Judgement as under :

that when an employee suffers from a motor accident injury while on duty the motor vehicle belonging to the insured employer, the claim for compensation payable under the Compensation Act along with interest thereon, if any, as imposed by the Commissioner, S.3 and 4-A(3)(a) of the Compensation Act will have to be made good by the insurance company jointly with the insured employer But so far as the abount of penalty imposed on the insured employer under congingencies contemplated by section 4-A(3)(b) is concerned as that is on account of personal fault of the insured not backed up by any justifiable cause, the insurance company cannot be made liable to reimburse that part of g the penalty amount imposed on the employer. The latter because of his own fault and negligence will habe to bear the entire burden of the said penalty amount with proportionate interest thereon if imposed by the Workmen's Commissioner.

વધુમાં વીમા કંપની મોટર વાહન અધિનિયમની કલમ ૧૪૯(૨) હેઠળ મળવાપાત્ર બચાવ ઉપસ્થિત કરી શકે છે. વધુમાં વાહન એન્જી નં.૫૬૦૩૯૯ અને સી.એચ. નં.૭૦૬૨૨૨૮ કથિત અકસ્માત સમયે આ સામાવાળા/ વિમા કંપનીનો વિમો લેવામાં

આવ્યો હતો તેનો ઈન્કાર કરેલ છે. વધુમાં પી. જે. નારાયણ વિ. યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં આપેલા ચુકાદાને ધ્યાનમાં રાખીને સામાવાળા નંબર ૨ વિમા કંપની વ્યાજ અને પેનલ્ટીની રકમ ચુકવવા માટે જવાબદાર નથી. વધુમાં વ.કો એકટની કલમ ૩ હેઠળની કાયવાહીમાં કામદારો માટે વળતર મોટર વાહનના વીમાદાતા સામે હુકમ પસાર કરવાનો અધિકારક્ષેત્ર નથી. 'એમ્પ્લોયર' શબ્દને અધિનિયમમાં વ્યાખ્યાયિત કરવામાં આવ્યો છે અને હાલના સામાવાળા તે વ્યાખ્યાના દાયરામાં આવતા નથી. વધુમાં કોઈપણ પ્રકારની જવાબદારી સ્વીકાર્ય વિના તે રજુઆત કરવામાં આવેલ છે કે, અરજદારોનો દાવો ખૂબ ઉંચો અને અતિશય છે અને તે કોઈપણ આધાર અથવા જોડાણ સબંધ વિનાનો છે અને તેથી તે ખર્ચ સાથે રદ થવાને પાત્ર છે. વધુમાં અરજદારો દ્વારા દાવો કરવામાં આવેલ વળતરની રકમ અત્યંત વધુ છે અને તેનો કોઈ આધાર નથી. અરજદારોની હાલની અરજી ખર્ચ સહીત રદ કરવા અરજ કરેલ છે.

(૪) અરજદારો તરફે નીચે મુજબના પુરાવાઓ રજુ થયેલ છે.

**–: અરજદારો તરફે રજુ મૌખિક પુરાવાઓ :–**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | અરજદાર નં.૧ રાંભીબેન જીવાભાઈ ઓડેદરાનુ પુરાવાનુ સોગંદનામું | ૨૮ |

**–: અરજદારો તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ:–**

| ક્રમ | દસ્તાવેજની વિગત | આંક |
|---|---|---|
| ૧. | અમોત નં.૨/૧૬ થી થયેલ નોંધની નકલ | ૨૨ |
| ૨. | સ્થાનીક જગ્યાનુ પંચનામું | ૨૩ |
| ૩. | ઈન્કવેસ્ટ પંચનામું | ૨૪ |
| ૪. | પી.એમ.રીપોર્ટ | ૨૫ |
| ૫. | ફીયાટ કારનુ બીલ | ૨૬ |
| ૬. | વીમા પોલીસી | ૨૭ |
| ૭. | ગુજરનારનુ ડ્રાઈવીંગ લાયસન્સ | ૩૦/૧ |

(૫) અરજદાર તરફે આંક–૩૫ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થયેલ છે.

(૬) ત્યારબાદ સામાવાળા નં.૧ તરફે આંક–૩૬ થી કોઈ વિશેષ પુરાવો ન આપવાનો હોય , પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થયેલ છે.

(૭) સામાવાળા નં.ર તરફે નીચે મુજબના પુરાવાઓ રજુ કરેલ છે.

**–: સામાવાળા નં.ર તરફે રજુ મૌખિક પુરાવાઓ :–**

| ક્રમ | મૌખીક પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧. | સામાવાળા નં.ર ના સાહેદ પરબતભાઈ વરજાંગભાઈ ડાકીની સોગંદ ઉપર જુબાની | ૭૧ |

**–: સામાવાળા નં.ર તરફે રજુ દસ્તાવેજી પુરાવાઓ :–**

| ક્રમ | દસ્તાવેજી પુરાવાની વિગત | આંક |
|---|---|---|
| ૧ | વીમા પોલીસી | ૧૧/૧ |
| ર | રામાભાઈ કરશનભાઈનુ પોલીસ રૂબરૂનુ નિવેદન | ૪૮ |
| ૩ | ભીમા ગીગાભાઈનુ પોલીસ રૂબરૂનુ નિવેદન | ૪૯ |
| ૪ | હરદાસ હાજાભાઈનુ પોલીસ રૂબરૂનુ નિવેદન | ૫૦ |
| ૫ | વીંજાભાઈ ગીગાભાઈનુ પોલીસ રૂબરૂનુ નિવેદન | ૫૧ |
| ૬ | કાનાભાઈ હાથીચાભાઈનુ પોલીસ રૂબરૂનુ નિવેદન | ૫ર |
| ૭ | સાજણ ગીગાભાઈનુ પોલીસ રૂબરૂનુ નિવેદન | ૫૩ |
| ૮ | અરજણભાઈ દેવશીભાઈનુ પોલીસ રૂબરૂનુ નિવેદન | ૫૪ |
| ૯ | રાંભીબેન જીવાભાઈનુ પોલીસ રૂબરૂનુ નિવેદન | ૫૫ |
| ૧૦ | લીલાભાઈ ગીગાભાઈનુ પોલીસ રૂબરૂનુ નિવેદન | ૫૬ |
| ૧૧ | પુતીબેન લીલાભાઈનુ પોલીસ રૂબરૂનુ નિવેદન | ૫૭ |

(૮) સામાવાળા નં.ર તરફે આંક–૭૩ થી પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થયેલ છે.

(૯) અરજદારોના વકીલશ્રી આર.વી.પારેખ તરફે આંક–૭૪ થી લેખીત દલીલ તેમજ આંક–૭૯ થી વિશેષ લેખિત દલીલ રજુ કરેલ છે જેની જરૂરી ચર્ચા હવે પછી યથાસ્થાને કરવામાં આવશે. તેઓની વિશેષ દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

(૧) ૨૦૧૪ એ.સી.જે.૪૮૦, નામદાર સુપ્રિમ કોર્ટ,

ટી.એસ.શૈલજા વિ. ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કું.લી.

(૨) ૨૦૧૭ એ.સી.જે. ૮૬૨, નામદાર હીમાચલ પ્રદેશ હાઈકોર્ટ

ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કું.લી. વિ. શીવાલી દેવી અને બીજાઓ

**(૧૦)** સામાવાળા નં.૧ ના વકીલશ્રી એન.એલ.રામાવત તરફે આંક–૭૫ થી લેખીત દલીલ રજુ કરેલ છે જેની જરૂરી ચર્ચા હવે પછી યથાસ્થાને કરવામાં આવશે.

**(૧૧)** સામાવાળા નં.ર ના વકીલશ્રી એન.એલ.રામાવત તરફે આંક–૭૬ થી લેખીત દલીલ રજુ કરેલ છે જેની જરૂરી ચર્ચા હવે પછી યથાસ્થાને કરવામાં આવશે. તેઓની દલીલના સમર્થનમાં નીચે મુજબના ચુકાદાઓ રજુ કરેલ છે.

(૧) નામદાર બોમ્બે હાઈકોર્ટના ફર્સ્ટ અપીલ નં.૧૬૩૩૨/૨૦૧૦, મે.બજાજ એલાયન્સ કું.લી., વિ. મહેશ નામદેવ ગાયકવાડ

(૨) નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પે.સી.એ.નં.૧૫૫૩૩/૨૦૧૬, .બજાજ એલાયન્સ કું.લી., વિ. જીતેન્દ્રભાઈ ઠાકરશીભાઈ

(૩) નામદાર બોમ્બે હાઈકોર્ટના ફર્સ્ટ અપીલ નં.૪૭૩/૨૦૦૩, ધી ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કું. સિવિલ લાઈન્સ, નાગપુર વિ. શ્રીમતી જાયબુનબી ગુલાબબેગ

(૪) નામદાર સુપ્રિમ કોર્ટના અપીલ(સિવિલ) નં.૮૫૬/૨૦૦૭, ગોટ્ટુમુકકાલા અપ્પાલા નરસિમ્હા રાજુ તથા અન્ય વિ. નેશનલ ઈન્સ્યોરન્સ કું.

**(૧૨)** આ કામે નીચે મુજબના મુદાઓ આંક–૧૬ થી કાઢવામાં આવેલ છે.

(૧) ગુજરનારને થયેલ જીવલેણ અકસ્માત સમયે આ કામના અરજદારો ગુજરનારના કાયદેસરના આશ્રિત હતા તેવુ તેઓ તરફે પુરવાર કરવામાં આવેલ છે કે કેમ ?

(૨) ગુજરનારને થયેલ જીવલેણ અકસ્માત સમયે ગુજરનાર અને આ કામના સામાવાળાઓ વચ્ચે નોકર અને માલીકના સબંધો હોવાનું અરજદારો તરફે પુરવાર કરવામાં આવેલ છે કે કેમ ?

(૩) ગુજરનારને થયેલ અકસ્માત સામાવાળાઓની ફરજ દરમ્યાન થયેલ હોવાનું અરજદાર તરફે પુરવાર કરવામાં આવેલ છે કે કેમ ?

(૪) ગુજરનારને થયેલ જીવલેણ અકસ્માત સમયે તેની ઉંમર **૩૬ વર્ષ**ની હોવાનું તથા અકસ્માત સમયે ગુજરનાર માસીક **રૂ.૯,૦૦૦/–** પગાર મેળવતા હોવાનું આ કામના અરજદારો તરફે પુરવાર કરવામાં આવેલ છે કે કેમ ?

(૫) શું અરજદારો પુરવાર કરે છે કે, તેઓ આ કામના સામાવાળાઓ પાસેથી કામદાર વળતર અધિનિયમ હેઠળ થતી કાયદેસરની અકસ્માત વળતરની રકમ મેળવવા હકકદાર થાય છે કે કેમ ? જો હકકદાર થતા હોય તો કેટલી રકમ મેળવવા હકકદાર થાય છે ?

(૬) આ કામે સામાવાળાઓ અરજદારને વ્યાજ અને દંડની રકમ ચુકવવા જવાબદાર થાય છે કે કેમ ? જો હા તો વ્યાજ અને દંડની કેટલી રકમ કોની પાસેથી મેળવવા હકકદાર થાય છે ?

(૮) શુ હુકમ કરવો જોઈએ

**(૧૩)** ઉપરોકત મુદ્દાઓ અંગેના મારા તારણો અને કારણો નીચે મુજબ છે.

| | | |
|---|---|---|
| **મુદા નં ૧** | **:–** | **હકારમાં,** |
| **મુદા નં ૨** | **:–** | **નકારમાં,** |
| **મુદા નં ૩** | **:–** | **નકારમાં,** |
| **મુદા નં ૪** | **:–** | **નકારમાં,** |
| **મુદા નં.૫** | **:–** | **નકારમાં,** |
| **મુદા નં.૬** | **:–** | **નકારમાં,** |
| **મુદા નં ૭** | **:–** | **આખરી હુકમ મુજબ.** |

**– : : કારણો : : –**

**(૧૪) મુદા નં.૧ :–**

આ કામે ગુજરનાર જીવાભાઈ લીલાભાઈ ઓડેદરાને થયેલ જીવલેણ અકસ્માત

સમયે આ કામનાં અરજદારો ગુજરનારના કાયદેસરના વારસદાર અને આશ્રિત હતા કે કેમ ? તે અંગે ચર્ચા કરતાં અગાઉ કામદાર વળતર અધિનિયમ ૧૯૨૩ ની કલમ–૨ (ડી) નો ઉલ્લેખ જરૂરી જણાય છે જે નીચે મુજબ છે.

**કલમ–૨ (ડી) '' આશ્રિત'' :–**

એટલે ગુજરનાર કામદારના નીચે જણાવેલ કોઈપણ સગાઓમાંથી એક

(૧) તેની વિધવા, તેનો સગીર ( કાયદેસરનો કે દતક ) પુત્ર, અને અપરણિત (કાયદેસરની કે દતક ) પુત્રી, અથવા તેની વિધવા માતા અને

(૨) તેના અવસાન વખતે કામદારની કમાણી પર સંપૂર્ણ આશ્રિત તેનો ૧૮ વર્ષનો અશકત પુત્ર–પુત્રી અને

(૩) તેના અવસાન વખતે કામદારની કમાણી પર સંપૂર્ણ કે અંશત: નીચેના આશ્રિતો

(એ) સ્ત્રી કામદારનો વિધુર પતિ,

(બી) વિધવા માતા સિવાય તેના માતા–પિતા

(સી) તેનો ગેરકાયદેસર સગીર પુત્ર, ગેરકાયદેસર અપરણિત પુત્રી, અથવા તેની પરિણીત સગીર કાયદેસર કે ગેરકાયદેસર અથવા દતક પુત્રી, અથવા તેની વિધવા અને સગીર કાયદેસર કે ગેરકાયદેસર પુત્રી,

(ડી) તેનો સગીર ભાઈ અથવા અપરણિત બહેન અથવા તેની સગીર વિધવા બહેન,

(ઈ) વિધવા પુત્રવધુ,

(એફ) પૂર્વમૃત પુત્રીનું સગીર બાળક

(જી) પૂર્વમૃત પુત્રીનું સગીર બાળક જેના માતા પિતા હૈયાત ન હોય,

(એચ)જો કામદારનાં માતા પિતા હૈયાત ન હોય તેના દાદા દાદી

સ્પષ્ટીકરણ : પેટા કલમ–(૨) અને પેટા કલમ–(૩) ની આઈટમ એફ અને જીના હેતુ માટે પુત્ર, પુત્રી અને બાળકના ઉલ્લેખમાં દતક પુત્ર, પુત્રી અથવા બાળકોનો અનુક્રમે સમાવેશ થશે.

(૧૫) આમ,ઉપરોકત કાયદાની જોગવાઈ અન્વયે આ કામે અરજદારોની અરજીના સમર્થનમાં અરજદાર નં.૧ રાંભીબેન જીવાભાઈ ઓડેદરાએ આંક–૨૮ થી સરતપાસનું સોગંદનામું રજુ કરેલ છે જેમાં તેઓ જણાવે છે કે તેઓ ગુજરનાર જીવાભાઈના પત્ની, અરજદાર નં.ર થી ૪ સગીર સંતાનો થાય છે. ગુજરનારની આવક ઉપર અરજદારોના કુટુંબનો આધાર હતો તથા અકસ્માતમાં મૃત્યુ થવાથી અરજદારો તથા તેમનુ જીવન નિરાધાર થઈ ગયેલ છે તેમ સોગંદ ઉપર જણાવેલ છે. જયારે આ કામે સામાવાળા નં.૧ તરફે હાજર રહી અરજદારની કોઈ ઉલટ તપાસ કરવામાં આવેલ નથી તથા સામાવાળા નં.ર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે ''મારા સાસુ તથા સસરા હાલમાં હયાત છે. મારા સાસુ તથા સસરા મારાથી અલગ રહે છે. મારી સાસુનુ નામ શ્રીમતી પુતીબેન અને તેઓ માધવપુર ગામે રહે છે. હુ માધવપુર ગામે ગણેશઝારા વિસ્તારમાં રહુ છુ અને મારા સાસુ, સસરા પણ માધવપુર ખાતે ગણેશઝારા વિસ્તારમાં રહે છે. મારે એક દીયર છે અને કોઈ જેઠ નથી. મારા દીયરનુ નામ નાગાર્જુનભાઈ છે. શ્રી નાગાર્જુનભાઈ અમારાથી અલગ રહે છે અને તેઓ મારા સાસુ સસરા સાથે રહે છે. મારા સસરા પાસે ખેતીની જમીન છે. આ ખેતીની જમીન પાંચ વીઘા જેટલી છે.'' એ રીતે ઉલટ તપાસ દરમ્યાન અરજદારો ગુજરનારના વારસદાર અને આશ્રિત ન હોવા સબંધે કોઈ વિપરીત હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી પરંતુ ગુજરનારના માતા પિતા એટલે કે અરજદાર નં.૧ ના સાસુ સસરા હયાત હોવાનુ રેકર્ડ ઉપર નીકળી આવેલ છે. વધુમાં આ કામે ગુજરનાર જીવાભાઈના પિતા લીલાભાઈ ગીગાભાઈ ઓડેદરાએ આંક–૩૩ થી તથા ગુજરનાર જીવાભાઈની માતા પુતીબેન લીલાભાઈ ઓડેદરાએ આંક–૩૪ થી સોગંદનામુ રજુ કરી હાલના અરજદાર નં.૧ તેઓના ગુજરનાર પુત્ર જીવાભાઈના પત્ની તથા અરજદાર નં.ર થી ૪ ના સગીર સંતાનો થતા હોવાનુ તથા હાલની અરજીમાં નામદાર કોર્ટ તરફથી જે કાઈ રકમ મંજુર કરવામાં આવે તે તમામ રકમ અરજદારોને આપવામાં આવે તો તેઓને કોઈ વાંધો તકરાર ન હોવાનુ તથા તેમાંથી તેઓનો હકક હીસ્સો જતો કરેલ હોવાનુ સોગંદ ઉપર જાહેર કરેલ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો તથા ચર્ચાના અંતે હાલના અરજદારો ગુજરનાર જીવાભાઈ લીલાભાઈ

ઓડેદરાના કાયદેસરના વારસદારો અને આશ્રિતો હોવાનુ રજુ પુરાવાથી પુરવાર કરવામાં સફળ રહેલ છે. જેથી આ કામે ગુજરનાર જીવાભાઈના હાલના અરજદારો કામદાર વળતર ધારાની કલમ-૨(ડી) અન્વયે વારસો આશ્રિતો હોવાનુ ઠરાવવામાં આવે છે. જેથી ઉપરોકત ચર્ચાના અંતે **મુદા નં.૧** નો જવાબ આથી '**હકાર**' માં ઠરાવવામાં આવે છે.

**(૧૬) <u>મુદા નં.૨-૩ :-</u>**

આ કામે મુદા નં.૨ થી ૩ ની હકીકતો પરસ્પર એકબીજા સાથે અતુટ રીતે સંકળાયેલી હોઈ, બીન જરૂરી પુનરાવર્તન ટાળવાના હેતુસર આ બંને મુદાઓની ચર્ચા સંયુકત રીતે કરવામાં આવે છે. વધુમાં આ મુદાઓ જોવામાં આવે તો, એ બાબત નકકી કરવાની થાય છે કે, ગુજરનાર જીવાભાઈ સામાવાળા નં.૧ ના કામદાર હતા કે કેમ ? તથા ગુજરનાર જીવાભાઈ અને સામાવાળા નં.૧ વચ્ચે નોકર-માલીકનો સબંધ હતો કે કેમ ? અને ગુજરનાર જીવાભાઈનો નોકરીના સમય દરમ્યાન અને નોકરીમાંથી ઉત્પન્ન થયેલ અકસ્માતને કારણે મરણ થવા પામેલ કે કેમ ?

આ કામે અરજદાર નં.૧ રાંભીબેન જીવાભાઈ ઓડેદરાએ તેમની આંક-૧ ની અરજીના સમર્થનમાં આંક-૨૮ થી સોગંદ ઉપરની જુબાનીમાં તેમના પતિ ગુજરનાર જીવાભાઈ સામાવાળા નં.૧ ની ફીયાટ એવેન્ટ્રા કારમાં ડ્રાઈવર તરીકે માસીક રૂા.૯,૦૦૦/- ના પગારથી તથા અલગથી ભથ્થા ઉપર નોકરી પર રહેલ હતા. એ રીતે ગુજરનાર જીવાભાઈ તથા સામાવાળા નં.૧ વચ્ચે નોકર તથા માલીક તરીકેના સબંધો હતા. ગુજરનાર જીવાભાઈ તા.૦૯/૦૩/૨૦૧૬ ના રોજ સામાવાળા નં.૧ ના કામથી તેઓની માલીકની નોકરીની ફરજ અને સુચના મુજબ ફીયાટ એવેન્ટ્રા કાર ચલાવીને જતા હતા ત્યારે રાત્રીના ૯:૦૦ વાગ્યાની આસપાસ મીત્રાળા અને ભડ ગામના રોડ ઉપર પહોંચેલ ત્યારે સદર કાર પલ્ટી ખાઈ જતા અકસ્માત થયેલ અને આ અકસ્માતમાં ગુજરનાર જીવાભાઈ ગંભીર ઈજાઓ થતા મરણ થયેલ. આ રીતે ગુજરનાર જીવાભાઈ સામાવાળાની નોકરી અને ફરજ દરમ્યાનના સમયમાં ગુજરી ગયેલ છે તેમ જણાવેલ છે જયારે આ કામે સામાવાળા નં.૧ તરફે હાજર રહી અરજદારની કોઈ ઉલટ

તપાસ કરવામાં આવેલ નથી તથા સામાવાળા નં.ર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં કબુલ કરેલ છે કે ''રામાભાઈ કરશનભાઈ ભુતીયા, રહે.રાણાવાવવાળા મારા ભાઈ થાય છે. ગુજરનાર અકસ્માત સમયે કયાંથી કયા ગયેલા તેની ખબર નથી પરંતુ મીતરાળા ગામ અને ભડ ગામ વચ્ચે બનાવ બનેલાનુ મને જાણવા મળેલ. સવારે દુલાભાઈ ભીમાભાઈનો ફોન આવેલો એટલે તેઓ સવારે તેમને ત્યાં ગયેલા. અરજણભાઈ દેવશીભાઈ ભુતીયા, રહે.દરોગરનાઓ મારા પિતાજી થાય છે. મને એ વાતની ખબર નથી કે અકસ્માત થયેલ મોટર કાર મારા પિતાજીને પોલીસવાળાએ આપેલ હતી કે કેમ.'' વધુમાં એવુ કબુલ કરેલ કે ''ભીમા ગીગા ઓડેદરા મારા કાકા સસરા થાય છે. મારા પતિનેએ બે ભાઈઓ હતા. મારા પતિ મોટા હતા અને દીયર નાના હતા. એ વાત ખરી છે કે, બનાવના આગલા દિવસે હુ દેરોદરગામે ગયેલ. સાહેદ જણાવે છે કે, મારા પતિ નોકરી ગયેલા. હું દેરોદર ગામે મારા ભાઈના પ્રસંગમાં ગયેલી. એ વાતની મને ખબર નથી કે, મારા પિતાજી ઉપર રાણાભાઈ કરશનભાઈનો ફોન આવેલો કે જીવાભાઈ તેની પાસેની ફીયાટ કાર લઈને એકલા એરડા ગામથી ભડ ગામે સગાઈના પ્રસંગ માટે ગયેલા તે પાછા આવેલ ન હોય, તેથી અમો તેને તપાસ કરવા માટે જઈએ છીએ.મારા પતિને અકસ્માત થયેલ હોવાની જાણ મને રાત્રે થયેલી. મારા પિતાજી તપાસ કરવા ગયેલા. એ વાતની મને ખબર નથી કે, મારા પતિ એકલા ફીયાટ લઈને ગયેલા. સાહેદ જણાવે છે કે, દુલાભાઈ ભીમાભાઈની ગાડી લઈને ગયેલા. ભીમાભાઈ ગીગાભાઈ ઓડેદરા તથા દુલાભાઈ ભીમાભાઈ બંને સાઢુભાઈ થાય છે કે કેમ તેની મને ખબર નથી. ભીમાભાઈ ગીગાભાઈના મોટાભાઈનુ નામ વીજાભાઈ છે.એ વાતની મને ખબર નથી કે, વીજાભાઈની દીકરી નીતાબેનના સગાઈના પ્રસંગમાં મારા પતિ ગયેલા અને ભીમાભાઈ ગીગાભાઈ તેમના સાઢુભાઈની ફોરવીલ ગાડી લઈને પોતે આવેલા અને મારા પતિએ તેઓને એવુ જણાવેલુ કે કાકા ગાડીની ચાવી આપો થોડો સામાન ઘટે છે તો ભડ જઈ આવુ અને દેરોદર મારા સસરાને ત્યાં આટો મારતો આવુ તેમ કહેતા મારા કાકા સસરાએ મારા પતિને ગાડીની ચાવી આપેલ.''આ સિવાય અરજદાર તરફે અન્ય કોઈ મૌખિક પુરાવો રજુ કરેલ નથી.

વધુમાં સામાવાળા નં.૧ તરફે આંક–૩૬ થી કોઈ વિશેષ પુરાવો ન આપવાનો હોય, પુરાવો પુરો થયાની પુરસીસ રજુ થયેલ છે. જયારે સામાવાળા નં.ર તરફે મરીન પોલીસ સ્ટેશન, પોરબંદરના એ.એસ.આઈ. પરબતભાઈ વરજાંગભાઈ ડાકીને સાક્ષી સમન્સ કરવા આપેલ આંક–૩૮ ની અરજી અન્વયે સદર સાહેદને આંક–૭૧ થી સોગંદ ઉપર તપાસવામાં આવેલ છે જેમાં તેઓએ તેમની સરતપાસમાં જણાવેલ છે કે ''મે નવી બંદર પોલીસ સ્ટેશનમાં સ્ટેશન ડાયરી નં.૧૫/૧૬ ની કામે મે તપાસ કરેલી હતી. મને પી.એસ.ઓ એ તપાસ સોપેલી હતી. મે તપાસ દરમ્યાન સાહેદોના નિવેદનો લીધેલા તથા પંચનામુ કરેલુ. મે તપાસ દરમ્યાન ભીમા ગીગા ઓડેદરાનુ આંક–૪૯ વાળુ નિવેદન લીધેલુ. જેમાં ભીમાભાઈએ જણાવેલુ કે કુછડી ગામે રહેતા તેમના સાઢુભાઈ દુલાભાઈની ફોરવ્હીલ જે નવી લીધેલી તે લઈને એરડા ગામે આવેલા અને તેનો ભત્રીજો જીવા લીલા ઓડેદરા પણ ત્યાં આવેલા અને તેમણે ગાડીની ચાવી માંગેલ તેથી ચાવી જીવાભાઈને આપેલ અને જીવાભાઈ કાર લઈને થોડો સામાન લેવા માટે તથા તેના સસરાના ઘરે આટો મારતો આવુ તેમ કહીને કાર લઈ ગયેલા ત્યારબાદ જીવાભાઈ ન આવતા ગોતવા નિકળેલા અને મિત્રાળા અને ભડની વચ્ચે ફોરવ્હીલ રોજડુ સાથે ભટકાતા ગાડી પલટી મારી ગયેલ જેમાં જીવાભાઈને ઈજા થતા ૧૦૮ માં પોરબંદર દવાખાને લઈ ગયેલા અને સારવાર દરમ્યાન મરણ ગયેલા તેવુ જણાવેલ છે. ત્યારબાદ મે લાગતા વળગતાના નિવેદન લીધેલા. મે જે પોલીસ પેપર્સની ખરી નકલો આ કામે રજુ કરેલ છે. મારી તપાસમાં ગુજરનાર જીવાભાઈ કારના માલીક દુલાભાઈ ભીમાભાઈ ઓડેદરા ને ત્યાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હોય તેવુ ખુલેલ નથી.'' જયારે સદર અરજદાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં સદર સાહેદે કબુલ કરેલ છે કે '' મે જે તપાસ કરેલ તે તપાસના તમામ પેપર્સ હાલના કામે રજુ કરેલ છે. તે વાત ખરી છે કે, કોઈ અકસ્માત થાય તો તેના વાહનના માલીકનુ નિવેદન લેવુ પડે. તે વાત ખરી છે કે, જે તે વાહનનો માલીક જ ડ્રાઈવર હોવાનુ કહી શકે. મે તપાસની કામે દુલાભાઈ ભીમાભાઈ ઓડેદરાનુ નિવેદન લીધેલુ નથી.'' જયારે સામાવાળા નં.૧ તરફે કોઈ હાજર ન રહેતા, તેઓનો ઉલટ તપાસનો હકક બંધ કરવામાં આવેલ છે. આ

સિવાય સામાવાળા નં.૨ તરફે અન્ય કોઈ મૌખિક પુરાવો રજુ કરેલ નથી. હવે ગુજરનાર જીવાભાઈને થયેલ અકસ્માત વખતે તેઓ સામાવાળા નં.૧ ના ડ્રાઈવર હતા કે કેમ ? તે અંગે જોઈએ તો સામાવાળા નં.૧ ધ્વારા તેઓના આંક–૧૪ ના વાંધા જવાબના પેરા–૪ માં ગુજરનાર જીવાભાઈ તેમના ડ્રાઈવર હોવાનુ તથા તેનો માસીક પગાર રૂા.૮,૦૦૦/– હોવાનુ કબુલ કરેલ છે પરંતુ સદર હકીકતના સમર્થનમાં સામાવાળા નં.૧ ધ્વારા મૌખિક પુરાવો આપવામાં આવેલ નથી. જ્યારે સામાવાળા નં.૧ તરફે આંક–૭૫ થી લેખિત દલીલ રજુ કરેલ છે જેમાં તેમણે તેમના જવાબની હકીકતોનુ પુનરાવર્તન કરેલ છે. જ્યારે સામાવાળા નં.૨ તરફે તેઓની આંક–૭૬ ની લેખિત દલીલમાં ગુજરનાર જીવાભાઈ સામાવાળા નં.૧ ના ડ્રાઈવર ન હોવાની તથા સામાવાળા નં.૧ ની ફરજ દરમ્યાન કે ફરજના ભાગરૂપે કાર ચલાવીને જણા અકસ્માત થયેલ ન હોવાની અને અરજદાર અને સામાવાળા નં.૧ મીલાપીપણામાં હાલનો કલેઈમ કરેલ હોવાની દલીલો કરેલ છે. આમ, બંને પક્ષોની દલીલો લક્ષમાં લેતા, ખરેખર ગુજરનાર અને સામાવાળા નં.૧ વચ્ચે માલીક કામદારના સબંધો રજુ થયેલ પુરાવાથી પુરવાર થાય છે કે મીલાપીપણા આવીને અરજદારો ગુજરનાર અને સામાવાળા નં.૧ વચ્ચેના કામદાર માલીકના સબંધો ન હોવા છતા ખોટા લાભ લેવાના હેતુથી હાલનો કલેઈમ દાખલ કરેલ છે તે અંગે ગુણદોષ ઉપર નિર્ણય કરવાનો રહે છે. આવા સંજોગોમાં રેકર્ડ ઉપરના પુરાવાનો તલસ્પર્શી અને ઝીણવટભરી રીતે મૂલ્યાંકન કરવાનુ થાય છે. તે હકીકતના સમર્થનમાં સામાવાળા નં.૨ ધ્વારા મરીન પોલીસ સ્ટેશન, પોરબંદરના એ.એસ.આઈ. પરબતભાઈ વરજાંગભાઈ ડાકીને આંક–૭૧ થી સોગંદ ઉપર તપાસેલ છે જેમાં તેઓએ તેમની સરતપાસમાં તેઓએ આ અકસ્માત બનાવની તપાસ કરેલ હોવાનુ તથા તે તપાસ દરમ્યાન સાહેદોના નિવેદનો તથા પંચનામુ કરેલ હોવાનુ તેમજ તેમની તપાસ દરમ્યાન સાહેદ ભીમા ગીગા ઓડેદરાએ તેમના નિવેદનમાં કુછડી ગામે રહેતા તેમના સાઢુભાઈ દુલાભાઈની ફોર વ્હીલ જે નવી લીધેલી તે લઈને એરડા ગામે આવેલા અને તેનો ભત્રીજો જીવા લીલા ઓડેદરા પણ ત્યાં આવેલા અને તેમણે ગાડીની ચાવી માંગેલ તેથી ચાવી જીવાભાઈને આપેલ અને જીવાભાઈ

કાર લઈને થોડો સામાન લેવા માટે તથા તેના સસરાના ઘરે આટો મારતો આવુ તેમ કહીને કાર લઈ ગયેલા ત્યારબાદ જીવાભાઈ ન આવતા ગોતવા નિકળેલા અને મિત્રાળા અને ભડની વચ્ચે ફોરવ્હીલ રોજડુ સાથે ભટકાતા ગાડી પલટી મારી ગયેલ જેમાં જીવાભાઈને ઈજા થતા ૧૦૮ માં પોરબંદર દવાખાને લઈ ગયેલા અને સારવાર દરમ્યાન મરણ ગયેલ હોવાનુ તેમજ તેમની તપાસમાં ગુજરનાર જીવાભાઈ કારના માલીક દુલાભાઈ ભીમાભાઈ ઓડેદરા ને ત્યાં ડ્રાઈવર તરીકે નોકરી કરતા હોય તેવુ ખુલેલ ન હોવાનુ જણાવેલ છે. વધુમાં તેઓની જુબાનીના સમર્થનમાં આંક–૪૪ થી તેઓએ કરેલ તપાસના કાગળો રજુ કરેલ છે જયારે અરજદાર તરફે કરવામાં આવેલ ઉલટ તપાસમાં તેઓએ કારના માલીક દુલાભાઈ ભીમાભાઈ ઓડેદરાનુ નિવેદન લીધેલ ન હોવાનુ કબુલ કરેલ છે. આ તબકકે સદર પોલીસ સાહેદે ભીમાભાઈ ગીગાભાઈ ઓડેદરાનુ આંક–૪૯ વાળુ પોલીસ નિવેદન લીધેલુ જેની ખરી નકલ રજુ થયેલ છે જે આ કામના ગુજરનારના સગા કાકા થાય છે. તેમણે આપેલ પોલીસ સમક્ષ નિવેદનમાં જણાવેલ છે કે ''રૂબરૂમાં પુછવાથી જણાવુ છુ કે હુ ઉપરમાં બતાવેલ ઠેકાણે છેલ્લા આઠેક વર્ષથી મારા માબાપ પરીવાર સાથે રહુ છુ અને ટ્રક ડ્રાઈવીંગ તેમજ ખેતીવાડીનો ધંધો કરુ છુ. મારૂ મુળ ગામ એરડા છે. મારાથી મોટાભાઈ વીજાભાઈ એરડા ગામે તેના બાલ બચ્ચા સાથે રહે છે. આ મારા મોટાભાઈ વીજાભાઈની દીકરી નીતાબેનના તા.૧૦/૨/૧૬ ના રોજ સગાઈનો પ્રસંગ હોય અમો ઘર પરીવાર તા.૯/૨/૧૬ ના રોજ કુછડી ગામે રહેતા મારા સાઢુભાઈ દુલાભાઈની ફોર વ્હીલ કે જે નવી જ છોડાવેલ છે અને પાસીંગ કરવાનુ બાકી છે તે લઈને ખાપટથી સાંજના છ વાગ્યે નીકળેલ અને સાંજના સાડા સાતેક વાગ્યે એરડા મારા ભાઈના ઘરે એરડા ગામે પહોચેલા હતા. આ સગાઈમાં માઘવપુર રહેતો મારો ભત્રીજો જીવા લીલા ઓડેદરા પણ આવેલ હતો અને આ રીતે અમો બધા સગા વહાલા ભેગા મળી વાતોચીતો કરતા હતા અને બેઠા હતા તેવામાં નવેક વાગ્યાનો ટાઈમ થયેલ હશે મારા ભત્રીજા જીવાએ મને કહેલ કે કાકા ગાડીની ચાવી આપો તો થોડોક સામાન ઘટે છે તો ભડ જઈ આવુ અને દેરોદર પણ મારા સસરાને ત્યાં આટો મારતો આવુ તેમ કહેતા મે ફોર વ્હીલ

ગાડીની ચાવી જીવાને આપેલ અને તે પછી અડધો કલાક જેવો સમય થયેલ જીવો પાછો આવેલ નહી જેથી મે અને મારા મોટાભાઈએ જીવાના મોબાઈલ નં.૯૦૬૭૨૪૪૧૪૧ ઉપર ફોન કરતા રીંગ જતી હોય પણ તે ઉપાડતો ન હોય જેથી મારા મોટા ભાઈ સાજણભાઈ તેમજ અમારો બનેવી અરજણભાઈ તથા જીવાનો સાળો રામભાઈ તે રાણાવાવ રહે છે આ બધા જીવાને ગોતવા નીકળેલ તો મીત્રાળા અને ભડની વચ્ચે ફોર વ્હીલ ખેતરમાં પલ્ટી ખાધેલ હાલતમાં પડેલ હતુ અને જીવો પણ ગાડીની બાજુમાં બેભાન હાલતમાં પડેલ મળી આવતા મારા ભાઈ સાજણે અમોને જાણ કરતા તુર્તજ હોન્ડા લઈને બનાવના સ્થળે અને જોયુ તો ફોર વ્હીલ ઉંધુ પડેલ હતુ અને મારો ભત્રીજો જીવો બેભાન હાલતમાં પડેલ હતો. જેથી ૧૦૮ ને ફોન કરતા ૧૦૮ આવેલ અને મારા ભત્રીજા જીવાને ૧૦૮ માં પોરબંદર સરકારી દવાખાને મારા બનેવી અરજણભાઈ ભુતિયા જે જીવાના સગા સસરા છે તે તથા કાનાભાઈ હાથીચા રહે.એરડાવાળા લઈ ગયેલ અને હુ અને બીજા જેમાં મારા મોટાભાઈ સાજણ એરડા ગામે જતા રહેલા અને કલાક દોઢ કલાક પછી પોરબંદરથી મારા બનેવી અરજણભાઈએ અમોને ફોનથી સમાચાર આપેલા કે જીવો ફેલ થયેલ છે તમો માધવપુર આવો. લાશને માધવપુર લઈને અમો આવશુ અને અમો સગા વહાલા માધવપુર ગામે ગયેલ અને મારા સગા વહાલા પોરબંદરથી વહેલી સવારના મારા ભત્રીજા જીવાની લાશને લઈ માધવપુર ગયેલ અને અમો સગા વહાલાઓએ જીવાની અંતીમવીધી કરી. આ બનાવનુ કારણ એ છે કે અમારા કુટુંબનુ એવુ માનવુ છે કે ગાડી આગળ રોજ આડે પડેલ હશે. એટલી મારી હકીકત મારા લખાવ્યા મુજબની બરાબર અને ખરી છે.''આમ, ઉપરોકત પોલીસ રૂબરૂનુ નિવેદન લક્ષમાં લેતા કે જે ગુજરનારના સગા કાકા થાય છે તેમજ સામાવાળા નં.૧ ની માલીકીની ગાડી સગાઈ પ્રસંગ માટે લઈ આવેલા અને તે દરમ્યાન ગુજરનારે અમુક સામાન ઘટતો હોય તથા તેના સસરાની ઘરે આંટો મારવા માટે જતા હાલનો બનાવ બનેલાનુ જણાવેલુ છે. આમ સામાવાળા નં.૧ ની માલીકીની કાર લઈ આવનારે અરજદારના કેસની હકીકતોથી વિરૂધ્ધની હકીકતો પોલીસ રૂબરૂના નિવેદનમાં જણાવેલ છે. તેવી જ રીતે આ કામના

અરજદારે આંક–પપ થી પોલીસ રૂબરૂ નિવેદન આપેલ છે જેમાં પણ તેઓના પતિ એરડા ગામે તેના કાકાને ત્યાં સગાઈના પ્રસંગે ગયેલા હતા તેવુ જણાવેલ છે. આમ અરજદારના સોગંદ ઉપરના પુરાવાથી વિરૂધ્ધની હકીકતો તેમના પોલીસ રૂબરૂના નિવેદનમાં નીકળી આવે છે. અરજદારે તેમના સોગંદ ઉપરના પુરાવામાં આ નિવેદન પોલીસે બળજબરીપૂર્વક રીતે લીધેલ હોય તેવી કોઈ હકીકત તેમના સરતપાસમાં જણાવેલ નથી. વધુમાં અરજદારે તેમની ઉલટ તપાસમાં એવુ જણાવેલ છે કે ''એ વાતની મને ખ્યાલ નથી કે મારા પિતાજી ઉપર રાણાભાઈ કરશનભાઈનો ફોન આવેલો કે જીવાભાઈની તેની પાસેથી ફીયાટ કાર લઈને એકલા એરડા ગામથી ભડ ગામે સગાઈના પ્રસંગ માટે ગયેલા તે પાછા આવેલ ન હોય તેથી અમો તેની તપાસ કરવા માટે જઈએ છીએ.'' વધુમાં જણાવેલ છે કે ''એ વાતની મને ખબર નથી કે વીજાભાઈની દીકરી નીતાબેનના સગાઈના પ્રસંગમાં મારા પતિ ગયેલા અને ભીમાભાઈ ગીગાભાઈ તેમના સાઢુભાઈની ફોર વ્હીલ ગાડી લઈને પોતે આવેલા અને મારા પતિએ તેઓને એવુ જણાવેલુ કે કાકા ગાડીની ચાવી આપો થોડો સામાન ઘટે છે તો ભડ જઈ આવુ અને દેરોદર મારા સસરાને ત્યાં આટો મારતો આવુ તેવુ કહેતા મારા કાકા સસરાએ મારા પતિને ગાડીની ચાવી આપેલ.'' આમ, ઉપરોકત હકીકતો સબંધે અરજદારને સામાવાળાના વ.શ્રીએ પુછતા અરજદાર રાંભીબેન જીવાભાઈ ઓડેદરાએ ખ્યાલ ન હોવાનુ જણાવેલ છે. આમ, અરજદાર રાંભીબેને ઉલટ તપાસમાં ઉપરોકત હકીકતોનો ઈન્કાર કરેલ નથી અને સામાવાળા નં.ર ના બચાવની હકીકતોને પોતે ખ્યાલ ન હોવાનુ જણાવીને મુક સંમતિ આપેલી છે. તેવી જ રીતે અરજદાર રાંભીબેને જાણીજોઈને પોતાને વળતર મળે તે માટે અગાઉના પોલીસ રૂબરૂના નિવેદન કરતા વિરૂધ્ધની હકીકતો કોર્ટ રૂબરૂ ઉલટ તપાસમાં જણાવેલ છે. આમ, અરજદાર નં.૧ નુ સોગંદ ઉપરનો પુરાવો માનવાપાત્ર જણાતો નથી. તેવી જ રીતે ગુજરનારના માતા પિતા લીલાભાઈ ગીગાભાઈ ઓડેદરા તથા પુતીબેન લીલાભાઈ ઓડેદરાનુ પોલીસે અનુક્રમે આંક–પ૬ અને આંક–પ૭ થી નિવેદન લીધેલ છે જે જોતા પણ ગુજરનાર સગાઈના પ્રસંગમાં ગયેલ હતો અને તેમના ભાણેજ અને તેમના

દીયર સાજણભાઈએ જાણ કરેલી કે ગુજરનાર એરડાથી ભડ ગામે ફીયાટ કાર લઈને એકલો સગાઈના પ્રસંગે જતો હતો ત્યારે તેને રોઝ આડુ ઉતરતા તેને બચાવવા જતા તેની ફીયાટ કાર પલ્ટી મારી ગયેલ તેવુ જણાવેલ છે. આમ, ગુજરનારના માતા પિતાના પોલીસ રૂબરૂના નિવેદનમાંથી પણ ગુજરનાર સામાવાળાને ત્યાં નોકરી કરતો હતો અને તેની નોકરીની ફરજ દરમ્યાન અકસ્માત બનેલ હતો તેવુ લેશમાત્ર નીકળી આવતુ નથી. તેવી જ રીતે પોલીસે ગુજરનારના અન્ય સગા સબંધીઓના નિવેદનો લીધેલા છે જેમાં ગુજરનારના સાળા રામાભાઈ કરશનભાઈએ આંક–૪૮ થી તથા ગુજરનારના કાકા ભીમા ગીગાભાઈએ આંક–૪૯ થી તથા ગુજરનારના કુટુંબીભાઈ હરદાસભાઈ હાજાભાઈએ આંક–૫૦ થી તથા ગુજરનારના કાકા વીંજાભાઈ ગીગાભાઈએ આંક–૫૧ થી તથા ગુજરનારના કાકા સાજણ ગીગાભાઈએ આંક–૫૩ થી તથા ગુજરનારના સસરા અરજણભાઈ દેવશીભાઈએ આંક–૫૪ થી પોલીસ રૂબરૂ આપેલ નિવેદનો વંચાણે લેતા, ગુજરનાર સગાઈના પ્રસંગે સામાન લેવા તથા તેના સસરાના ઘરે આટો મારવા જતા અકસ્માત બનેલાનુ સમર્થન કરેલ છે. આમ, ઉપરોકત તમામ નિવેદનમાંથી પણ ગુજરનાર સામાવાળા નં.૧ ને ત્યાં નોકરી કરતા હતા અને ફરજ દરમ્યાન અકસ્માત બનેલ હતો તેવી કોઈ હકીકતો નીકળી આવતી નથી.વધુમાં સદર તમામ સાહેદો ગુજરનારના સગા સબંધીઓ છે તથા જે તે વખતે નિવેદનો આપતી વખતે તેઓએ કોઈ દબાણમાં લોભ લાલચમાં આવીને નિવેદનો આપેલ હોય તેવુ જણાઈ આવતુ નથી કે તે સબંધેનો વિરૂઘ્ધની કોઈ હકીકતો રેકર્ડ પર આવેલ નથી કે આ કોઈ સાહેદોએ કોર્ટ રૂબરૂ તેનાથી વિરૂઘ્ધની હકીકતો અરજદાર સિવાય કોઈ પુરાવો આપેલ નથી. વધુમાં સામાવાળાના સાહેદે ઉલટ તપાસમાં કોઈ અકસ્માત થાય તો માલીકનુ નિવેદન લેવુ પડે તેવુ કબુલ કરેલ છે. હવે પોલીસે લીધેલ નિવેદનો પરથી જયારે ગુજરનાર અને સામાવાળા નં.૧ વચ્ચેના સબંધો પુરવાર થતા ન હોવાનુ નીકળી આવતુ હોય ત્યારે માલીકનુ નિવેદન ન લેવાથી કોઈ અસર થતી નથી કારણ કે ગુજરનારના તમામ સગા સબંધીઓએ માલીક કામદાર સબંધ બાબતે કે અકસ્માત ફરજ દરમ્યાન બનેલો તેવુ જણાવેલ નથી. આમ, અરજદારો અને

સામાવાળા નં.૧ એ મીલાપીપણામાં આવીને હાલનો કલેઈમ ફાઈલ કરેલ હોવાની સામાવાળા નં.ર ની દલીલો માનવાપાત્ર છે. વધુમાં હાલનો કાયદો બેનેફીશ્યરી લેઝીસલેચર છે પરંતુ તેટલા માત્રથી જયારે વિરૂધ્ધની હકીકતો રેકર્ડ ઉપર આવે છે ત્યારે કારના માલીકે કામદાર માલીકના સબંધો કબુલ કરવા માત્રથી કામદાર માલીકના સબંધો પુરવાર થયાનુ માની શકાય નહી. એ રીતે ઉપરોકત તમામ મૌખિક તથા દસ્તાવેજી પુરાવો વંચાણે લેતા, આંક–ર૬ વાળા કારના બીલ મુજબ અકસ્માતવાળી કારના માલીક આ કામના સામાવાળા નં.૧ દુલાભાઈ ભીમાભાઈ ઓડેદરા હોવાનુ સ પષ્ટપણે જણાઈ આવે છે જે કાર લઈને સામાવાળા નં.૧ ના સાળા ભીમા ગીગા ઓડેદરા એરડા ગામે આવેલા જયાં તેમનો ભત્રીજો ગુજરનાર જીવાભાઈ પણ આવેલ જેઓએ કારની ચાવી માંગી સામાન લેવા તથા તેના સસરાને ત્યાં આંટો મારવા જવા કાર લઈને ગયેલા પરંતુ લાંબા સમય સુધી પરત ન ફરતા ગોતવા નીકળતા મિત્રાળા અને ભડની વચ્ચે કારને રોજડુ ભટકાતા કાર પલ્ટી મારી ગયેલ અને ગુજરનાર જીવાભાઈને ઈજા થતા તેને ૧૦૮ માં દવાખાને લઈ ગયેલ જયાં તેમને મરણ ગયેલ જાહેર કરવામાં આવેલ હોવાનુ જણાઈ આવે છે. સદર હકીકતને અરજદાર ધ્વારા રજુ કરવામાં આવેલ આંક–રર થી આંક–ર૬ સુધીના દસ્તાવેજોથી તથા પોલીસ સાહેદની જુબાનીમાં પણ સમર્થન પ્રાપ્ત થાય છે. અરજદાર તરફે તેમની વિશેષ લેખિત દલીલો ના સમર્થનમાં ર૦૧૪ એ.સી.જે. ૪૮૦ ઉપર પ્રસિધ્ધ થયેલ ટી.એસ.શૈલજા વિ. ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કાું.નો નામદાર સુપ્રિમ કોર્ટનો ચુકાદો રજુ કરેલ છે જેમાં ગુજરનારનો ભાઈ માલીક હતો અને તેમણે પેઈડ ડ્રાઈવર હોવાની તકરાર લીધેલ હતી જેથી નામદાર સુપ્રિમ કોર્ટે ગુજરનાર અને વાહનના માલીક કે જેઓ તેમના સગા ભાઈ હતા તેઓ વચ્ચે કામદાર માલીકના સબંધો પુરવાર થયેલાનુ માનેલ હતુ. તેવી જ રીતે અરજદાર તરફે તેમની દલીલોના સમર્થનમાં ર૦૧૭ એ.સી.જે.૮૬ર ઉપર પ્રસિધ્ધ થયેલ ન્યુ ઈન્ડીયા ઈન્સ્યોરન્સ કાું. વિ. શીવાલી દેવી અને બીજાઓનો નામ.હીમાચલ પ્રદેશ હાઈકોર્ટનો ચુકાદો રજુ કરેલ છે જેમાં નામદાર હાઈકોર્ટે ગુજરનારના બાળકો ધ્વારા વાહનના માલીક સામે જેઓ ગુજરનારના પત્ની હતા તેમની સામે મોટર વ્હીકલ

એકટની ક.૧૬૩(એ) મુજબ અરજી કરેલ હતી. જેમાં પત્ની તેમના પતિને પેઈડ ડ્રાઈવર તરીકે કામે રાખી શકે અને વળતર મળી શકે તેવુ ઠરાવેલ હતુ. આ કામમાં ગુજરનાર અને સામાવાળા નં.૧ વચ્ચે કોઈ એવો સબંધ નથી. આ કામમાં ગુજરનારના કાકા ભીમા ગીગા ઓડેદરા કે જેઓ સામાવાળા નં.૧ ના સાઢુભાઈ થાય છે તે સામાવાળા નં.૧ ની કાર લઈને સગાઈના પ્રસંગે આવેલા હતા ત્યારે ગુજરનારે તેમના કાકા પાસેથી કાર સામાન લેવા માટે તથા તેના સસરાને ઘરે આટો મારવા માટે ચાવી માંગેલી હતી અને અકસ્માત થયેલ હતો. આમ, ઉપરોકત બંને ચુકાદાઓની હકીકતો અને હાલના કેસની હકીકતો અલગ અલગ હોય અરજદારને મદદરૂપ થતા ન હોવાનુ મારૂ નમ્રપણે માનવુ છે. વધુમાં સામાવાળા નં.ર એ તેમની દલીલોના સમર્થનમાં નામદાર બોમ્બે હાઈકોર્ટના ફર્સ્ટ અપીલ નં.૧૬૩૩ર/ર૦૧૦, મે.બજાજ એલાયન્સ કાું.લી., વિ. મહેશ નામદેવ ગાયકવાડનો તા.રર/૧૦/ર૦૧૯ નો ચુકાદો રજુ કરેલ છે જેમાં કામદાર તેમના માલીકનુ વાહન લઈને ધાર્મીક જાત્રાએ તેમના વતનમાં જતો હતો ત્યારે અકસ્માત થયેલો તે દીવસે કામદાર રજા પર હતો અને પોતાના અંગત કામ સબબ જતો હતો તેવુ પોલીસ પેપર્સમાંથી નીકળી આવેલ હતુ. જેમાં માલીકે કામદાર માલીક સબંધો હોવાનુ તથા ફરજ દરમ્યાન બનાવ બનેલ હોવાનુ એડમીટ કરેલ હતુ. જેમાં નામદાર હાઈકોર્ટે અકસ્માત ફરજ દરમ્યાન ફરજના ભાગરૂપે થયેલ ન હોવાનુ માનેલ હતુ. હાલના કામે પણ માલીકે કામદાર માલીકના સબંધો અને તેમની ફરજ દરમયાન બનાવ બનેલાનુ એડમીટ કરેલ છે. આ કામે રજુ કરેલ પોલીસ પેપર્સ જોતા ગુજરનાર અને સામાવાળા નં.૧ વચ્ચે કામદાર માલીકના સબંધો પ્રસ્થાપિત થતો ન હોવાનુ તથા બનાવ ફરજ દરમ્યાન અને ફરજના ભાગરૂપે બનેલ હતો તેવુ પ્રસ્થાપિત થતુ નથી. આવા સંજોગોમાં આ ચુકાદો સામાવાળા નં.ર ને મદદરૂપ થતો હોવાનુ મારૂ નમ્રપણે માનવુ છે. તેવી જ રીતે સામાવાળા નં.ર તરફે તેમની દલીલોના સમર્થનમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના સ્પે.સી.એ.નં.૧પપ૩૩/ર૦૧૬, બજાજ એલાયન્સ કાું.લી., વિ. જીતેન્દ્રભાઈ ઠાકરશીભાઈ વઘૈયાનો તા.૮/૧ર/ર૦૧૬ નો ચુકાદો રજુ કરેલ છે જેમાં મોટર સાયકલ

ચાલકે બીજાની મોટર સાયકલ લઈને જતો હતો ત્યારે પોતાને થયેલ ઈજા સબંધે પોતે વળતર મેળવવા અરજી કરેલ હતી તેથી તે માલીકના પેગડામાં પગ આવે છે તેથી વળતર મેળવવા હકકદાર થતો નથી તેવુ પ્રસ્થાપિત કરેલ છે. આ કામમાં માલીક કામદારના સબંધો પુરવાર થતા નથી જેથી અરજદારો વળતર મેળવવા હકકદાર થતા નથી. આમ, આ ચુકાદો અમુક અંશે સામાવાળા નં.૨ ને મદદરૂપ થતો હોવાનુ મારૂ નમ્રપણે માનવુ છે. તેવી જ રીતે સામાવાળા નં.૨ એ તેમની દલીલોના સમર્થનમાં નામદાર બોમ્બે હાઈકોર્ટના ફર્સ્ટ અપીલ નં.૪૭૩/૨૦૦૩, ધી ઓરીએન્ટલ ઈન્સ્યોરન્સ કંાું. સિવિલ લાઈન્સ, નાગપુર વિ. શ્રીમતી જાયબુનબી ગુલાબબેગ વગેરેનો ચુકાદો રજુ કરેલ છે જેમાં ચાલકની પોતાની નેગ્લીજન્સીને કારણે ટાટા સુમો પલ્ટી મારી ગયેલ હતી. ગુજરનાર વાહનના માલીકનો પુત્રનો મીત્ર હતો પેઈડ ડ્રાઈવર ન હતો. ડ્રાઈવર હતો તેવો કોઈ પુરાવો ન હતો તેથી માલીક કામદારના સબંધો પુરવાર થયેલ ન હોવાનુ માનેલ હતુ. વધુમાં ગુજરનાર પોતે બેદરકાર હોય ત્યારે વળતર મળી શકે નહી તેવુ પ્રસ્થાપિત કરેલ હતુ. હાલના કેસના સંજોગો જોતા આ કામે ગુજરનાર પેઈડ ડ્રાઈવર હતો તેવો કોઈ પુરાવો રજુ થયેલ નથી ઉલ્ટાનુ પોલીસ પેપર્સમાંથી વિરૂઘ્ધની હકીકતો નીકળી આવેલ છે. આવા સંજોગોમાં સામાવાળા નં.૧ ના માલીક કામદારના સબંધો કબુલ કરવા માત્રથી માલીક કામદારના સબંધો પુરવાર થઈ શકે નહી. આમ, સામાવાળા નં.૨ ની અરજદારો અને સામાવાળા નં.૧ ના મીલાપીપણામાં હાલની અરજી કરેલ હોવાની રજુઆતો માનવાપાત્ર છે. આમ, આ ચુકાદો સામાવાળા નં.૨ ને મદદરૂપ થતો હોવાનુ મારૂ નમ્રપણે માનવુ છે. તેવી જ રીતે સામાવાળા નં.૨ તરફે તેઓની દલીલના સમર્થનમાં નામદાર સુપ્રિમ કોર્ટના અપીલ(સિવિલ) નં.૮૫૬/૨૦૦૭, ગોટટુમુકકાલા અપ્પાલા નરસિમ્હા રાજુ તથા અન્ય વિ. નેશનલ ઈન્સ્યોરન્સ કંાું. નો ચુકાદો રજુ કરેલ છે જેમાં પતિ પત્ની વચ્ચે માલીક કામદારના સબંધો પુરવાર થતા ન હોવાનુ પ્રસ્થાપિત કરેલ છે. આ ચુકાદાની હકીકત અને સંજોગો તથા હાલના કેસની હકીકતો અને સંજોગો અલગ અલગ છે જેથી આ ચુકાદો સામાવાળા નં.૨ ને મદદરૂપ થતો ન હોવાનુ મારૂ નમ્ર

પણે માનવુ છે. આમ, ઉપરોકત તમામ હકીકતો લક્ષમાં લેતા, હાલનો કહેવાતા અકસ્માતનો બનાવ બનેલ ત્યારે ગુજરનાર જીવાભાઈ સામાવાળાના કામદાર ન હતા પરંતુ એરડા ગામે પ્રસંગમાં આવેલ જયાં સામાવાળા નં.૧ ના સાળા તથા ગુજરનાર જીવાભાઈના કાકા ભીમા ગીગાભાઈ સામાવાળા નં.૧ ની કાર લઈને આવેલ જેની ચાવી માંગીને સામાન લેવા તથા સસરાને ત્યાં આટો મારવા ગયેલા ત્યારે અકસ્માત થતા થયેલ ઈજાઓના કારણે મરણ ગયેલ હોવાનુ સ્પષ્ટપણે ફલિત થાય છે. આમ, અરજદાર તરફે તેમની દલીલોમાં અરજદારની સોગંદ ઉપરની જુબાનીથી તથા માલીક ધ્વારા રજુ કરેલા જવાબથી ગુજરનાર અને સામાવાળા નં.૧ વચ્ચે કામદાર માલીકના સબંધો પુરવાર થતા હતા તેવી દલીલો માનવાપાત્ર નથી. જયારે સામાવાળા નં.ર તરફે અરજદારો અને સામાવાળા નં.૧ નાએ મીલાપીપણામાં આવીને વળતર મેળવવા માટે હાલનો કેસ કરેલ હોવાની રજુઆત સ્પષ્ટપણે માનવાપાત્ર જણાઈ આવે છે. એ રીતે રેકર્ડ પર રજુ થયેલ સમગ્ર પુરાવો વંચાણે લેતા, આ કામના ગુજરનાર જીવાભાઈને થયેલ અકસ્માત  સમયે ગુજરનાર જીવાભાઈ સામાવાળા નં.૧ ના કામદાર હોય અને સદર અકસ્માત ગુજરનારની સામાવાળા નં.૧ ની નોકરીની ફરજ દરમ્યાન બનેલ હોય તે હકીકત પુરવાર કરવામાં અરજદારો નિષ્ફળ ગયેલ હોવાનુ મારૂ માનવુ છે. આમ, ઉપરોકત ચર્ચા કર્યા મુજબ અરજદાર નં.૧ના પતિ તથા અરજદાર નં.ર થી ૪ ના પિતા સામાવાળા નં.૧ ના કામદાર હોવાનું અને નોકરીની ફરજ દરમ્યાન અકસ્માત થતા મરણ થયેલ હોવાનું સ્પષ્ટપણે માની શકાય તેમ ન હોય, ત્યારે ઉપરોકત ચર્ચાના અંતે **મુદા નં.ર અને ૩** નો જવાબ **નકારમાં** ઠરાવવામાં આવે છે.

(૧૭) <u>મુદા નં.૪  થી મુદા નં.૬</u>

હવે ઉપરોકત મુદા નં.ર તથા મુદા નં.૩ અરજદારો પુરવાર કરવામાં નિષ્ફળ નિવડે છે ત્યારે આ કામે બાકી રહેલ મુદા નં.૪ થી મુદા નં.૬ ની આગળ ચર્ચા કરવી નિરર્થક તથા અનુચિત છે તેમ મારૂ નમ્રપણે માનવુ છે. જેથી મુદા નં.ર તથા મુદા નં.૩ નો જવાબ નકારમાં ઠરાવવામાં આવેલ હોય ત્યારે **મુદા નં.૪ થી મુદા નં.૬** નો જવાબ પણ **નકારમાં** આપી **મુદા નં.૭** પરત્વે નીચે મુજબની આખરી હુકમ કરવામાં આવે છે.

**– : : આખરી હુકમ : : –**

**(૧)** અરજદારોનો હાલનો વર્કમેન કોમ્પેન્સેશન ફેટલ કેસ નં.૭/૨૦૧૬ આથી નામંજુર યાને રદ કરવામાં આવે છે.

**(૨)** કેસના સંજોગો જોતા ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

હુકમ આજ રોજ તા.૩૦મી, માહે: જાન્યુઆરી, સને: ૨૦૨૩ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

જુનાગઢ.
તા.૩૦/૦૧/૨૦૨૩

**(નાગદાનભાઈ કે. ડાભી)**
કમિશ્નર ફોર વર્કમેન કોમ્પેન્શેશન એકટ એન્ડ જજ
(સી.ડી.) લેબર કોર્ટ, જુનાગઢ.
(જીજે.૦૧૦૩૦)